
## વડીલોને વંદન અભિનંદન



મગનભાઈ સવાભાઈ પટેલ
(૧૯૪૦) ફોન: ૨૩૨૨૬૭૯૫

# સુરક્ષા સેતુ અંતર્ગત પ્રેરણા વિદ્યાલયમાં સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં સેક્ટર-૫ માં આવેલ પ્રેરણા વિદ્યાલયમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત બે દિવસની સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સેક્ટર-૭ના પોલીસ સ્ટેશન દ્વારા યોજવામાં આવી હતી. જેમાં શાળાની ધોરણ-૮ થી ૧૨ ની તમામ વિદ્યાથીનીઓએ ભાગ લીધો હતો. સેક્ટર-૭ ના મદદનીશ પોલીસ ઈન્સ્પેક્ટર કે.એમ. જોસેફ દ્વારા શાળાની વિદ્યાર્થીનીઓને સ્વબચાવ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ઘરેથી બહાર જતી વકતે માતા-પિતા તથા ભાઈ-બહેનને અચુક જાણ કરવા માટે સૂચન કર્યુ હતું. તેમજ અજાણ્યા સ્થળએ એકલા જતી વખતે સ્વબચાવ માટેની ટેકનીક પણ શીખવાડી હતી. વિકટ પરિસ્થિતિ સર્જાય તો મહિલાઓ માટેની ખાસ હેલ્પલાઈન ૧૦૯૧ નંબર તેમજ પોલીસ હેલ્પલાઈન નંબર ૧૦૦ તથા ૧૦૧ ને જાણ કરવા માટે અનુરોધ કર્યો હતો. તેમજ સ્વબચાવ માટે સ્ત્રી શિક્ષણનું મહત્વ પણ સમજાવ્યું હતું. સ્વસ્થ રહેવા માટે પૌષ્ટિક આહાર લેવાનું સૂચન કર્યું હતું. સ્વબચાવના પ્રશિક્ષણ દ્વારા પુરૂષ સમોવડી બની અસામાજિક તત્વોથી પોતાનું રક્ષણ કરવા અંગે હિમાયત કરી હતી. આ શિબિરમાં ઈન્સ્ટ્રક્ટર શ્રી પ્રજ્ઞેશભાઈ મેસરિયાએ શાળાની વિદ્યાર્થીનીઓને કરાટેના પંચ, બ્લોક તેમજ કીક અંગેની ટેકનીક પણ શીખવાડી હતી.





શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ, પ્રદિપસિંહ બિહોલા તેમજ આચાર્યા સ્વાતિબા રાઓલે સેક્ટર-૭ના મદદનીશ પોલીસ ઈન્સ્પેક્ટર કે.એમ. જોસેફ તેમજ સમગ્ર ટીમનો આ શિબિર યોજવા બદલ સમગ્ર પ્રેરણા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો.

## અમદાવાદમાં ઝાડા ઉલ્ટી કેસોમાં ચોંકાવનારો વધારો

અમદાવાદ, તા.૧૧

શહેરમાં એક બાજુ ચોમાસાની સિઝન શરૂ થઈ છે ત્યારે બીજી બાજુ પાણીજન્ય રોગચાળાએ માઝા મુકી છે. વરસાદી અને ગટરના ઉભરાતા પાણી પીવાના પાણીમાં ભળી જતાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે. ઠેર-ઠેર પાણી ભરાઈ જવાને લીધે મચ્છરોનો પણ ઉપદ્રવ વધ્યો છે. ઝાડા-ઉલ્ટીના કેસોમાં ચોંકાનારો વધારો સામે આવ્યો છે. માત્ર નવ જ દિવસમાં ઝાડા-ઉલ્ટીના ૮૬૭ કેસો સામે આવ્યા છે તેમજ કમળાના ૮૭ જેટલા કેસો સામે આવ્યા છે. ઝાડા-ઉલ્ટીના કેસોમાં વધારો થતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ ચોગચાળાને કાબુમાં લાવવા દોડધામ કરી રહ્યું છે જ્યારે મચ્છરજન્ય કેસોમાં નવ દિવસમાં ૧૧૪ સાદા મેલેરિયાના કેસો સામે આવ્યા છે. ચોમાસામાં કમળાના રોગોના કેસોમાં વધારો થયા બાદ હવે ઝાડા ઉલ્ટીના કેસો પણ વધી રહ્યા છે. પ્રદુષિત પાણી અને ખાણીપીણીને લીધે ઝાડા-ઉલ્ટીના કેસો વધ્યા છે. મ્યુનિસિપલ હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળા પર નિયંત્રણ મુકવા ક્લોરિનની ગોળીનું વિતરણ હાથ ધરવામાં આવ્યું છે. નવ ઓગસ્ટ સુધી શહેરમાં ૫,૭૮,૬૫૦નું ક્લોરિન ગોળીનું વિતરણ કરવામાં આવ્યું છે તેમ છતાં મ્યુનિસિપલ તંત્ર વાહકજન્ય રોગોમાં ૬૯ટકા અને પાણીજન્ય રોગોમાં ૧૮ ટકા જેટલો ઘટાડો થયો હોવાનો દાવો કરી રહ્યા છે. પાણીજન્ય રોગોમાં ઓગસ્ટ ૨૦૧૩માં કમળો ૪૨૫ કેસોની સામે નવ ઓગસ્ટ ૨૦૧૪ સુધીમાં ૮૭, જ્યારે ઓગસ્ટ ૨૦૧૩માં ટાઈફોઈડ ૧૬૪ની સામે સન ૯ ઓગસ્ટ ૨૦૧૪ સુધીમાં ૪૭ કેસો સામે આવ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારના નરોડા, બાપુનગર, રખિયાલ, અમરાઈવાડી, ગોમતીપુર જેવા વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો ખુબ જ પ્રમાણમાં વકર્યો છે.

# ગુજરાતના વિકાસમાં પૂર્વ ધારાસભ્યોનો અમુલ્ય ફાળો રહ્યો છે : શંકરલાલ ગુરૂ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્યમાં કાર્યરત ગુજરાત પૂર્વ ધારાસભ્ય કાઉન્સીલની કારોબારી અને સામાન્ય સભા કાઉન્સીલના પ્રમુખ શ્રી શંકરલાલ ગુરૂના અધ્યક્ષપદે ગાંધીનગરના સર્કીટ હાઉસ ખાતે મળેલ હતી.

કાઉન્સીલના સીનીયર ઉપપ્રમુખ રાજ્યના પૂર્વમંત્રી શ્રી જયનારાયણ વ્યાસે ખુબજ આધ્યાત્મિક અને મનનીય પ્રવચન આપી સભ્યોની લાગણીઓ જીતી હતી. અન્ય ઉપપ્રમુખ અને પૂર્વ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પણ સભ્યોના પ્રશ્નો અંગે સરકારનું ધ્યાન દોર્યુ હોવાનું જણાવી પ્રશ્નોને વાચા આપી હતી.

કાઉન્સીલના અન્ય હોદ્દેદારો અને પૂર્વ મંત્રીશ્રીઓ સર્વશ્રી ડૉ. કરસનદાસ સોનેરી, બળવંતભાઈ મનવર, જયશીભાઈ ચૌહાણ, કરસનજી ઠાકોર, છત્રસિંહ સોલંકી વગેરેએ જરૂરી સુચનો કરી કાઉન્સીલના સંગઠનને મજબુત બનાવવા તથા રાજ્યની કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે તત્પર રહેવા હાંકલ કરી હતી.

નેશનલ કાઉન્સીલના રાષ્ટ્રીય ઉપપ્રમુખ વાલજીભાઈ દનિચાએ પેન્શન તથા અન્ય સવલતો અન્ય રાજ્યોની જેમ ગુજરાતના પૂર્વ ધારાસભ્યોને પણ મળવા કરેલા પ્રયાસોનો ઉલ્લેખ કરી રજુઆત કરી હતી.

આ પ્રસંગે કાઉન્સીલ દ્વારા સુવેનિયર પ્રસિદ્ધ કરવા, પેન્શન અને અન્ય લાભ મળવા, રાજ્યમાં પીવાના પાણીની સમસ્યા વાળા ગામોની યાદી બનાવવા, વિવિધ યોજનાઓના અમલ માટે સક્રિય થવા વગેરે પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી. જેમાં ધીરૂભાઈ દુધવાલા, શંકરભાઈ વરલી, લીલાબેન ત્રિવેદી, ભુપેન્દ્રસિંહ ખત્રી, નાથાભાઈ પટેલ, ડૉ. કનુભાઈ, હરિભાઈ ડોરીયા, મહેશભાઈ મકવાણા, મુળરાજસિંહ પરમાર વગેરે સભ્યોએ ચર્ચામાં ભાગ લઈ ઉપયોગી સૂચનો કર્યા હતા.

સભાની શરૂઆતમાં સમગ્ર રાજ્યમાંથી આવેલા ૨૦૦ જેટલા પૂર્વ ધારાસભ્યોનું અધ્યક્ષપદેથી શંકરલાલ ગુરૂએ સ્વાગત કર્યું હતું. તો મહેશભાઈ મકવાણાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બીકોમની ખાલી બેઠકો પર આજથી કાઉન્સેલીંગ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરાયા બાદ પણ બીકોમ, બીબીએ, બીસીએ સહિતની વિદ્યાશાળાઓમાં હજી ૪૫૦૦ બેઠકો ખાલી પડી છે ત્યારે આ પૈકી ૩૮૪૭ બેઠકો પર ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય યનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યો છે જે અંતર્ગત વિદ્યાર્થીઓને આવતીકાલથી રૂબરૂ કાઉન્સેલીંગ માટે બોલાવવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે પ્રથમ વખત કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ અંતર્ગત બીકોમ સહિતના અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બીકોમ, બીબીએ, બીસીએ સહિતના અભ્યાસક્રમની અંદાજે ૪૫૦૦ જેટલી બેઠકો ખાલી રહેવા પામી છે. જેમાંથી ૩૮૪૭ બેઠકો પર વિદ્યાર્થીઓને ઓફલાઈન પ્રવેશ આપવાનો નિર્ણય યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને આવતીકાલથી રૂબરૂ કાઉન્સેલીંગ માટે બોલાવવામાં આવશે. જેમાં ૧૪૭૪ વિદ્યાર્થીઓએ પહેલા જ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જ્યારે ૨૩૭૩ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન વિનાના છે. એટલે કે આ વિદ્યાર્થીઓએ રૂપિયા ૧૫૦ ચુકવીને ઓફલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યુંછે આમ કુલ ૩૮૪૬ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે આવતીકાલથી રૂબરૂ કાઉન્સેલીંગ માટે ટોકન નંબર આપવામાં આવ્યો છે.

### ત્રિરંગો છવાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિક્કાની બીજી બાજુ હોય તેમ કેટલાક મેસેજમાં આંતકવાદીઓ દ્વારા ત્રિરંગાના ચિત્રની આડમાં વાઈસર મોકલવામાં આવી રહ્યો હોવાની શક્યતાઓ દર્શાવી તેનાથી બચવા પણ સલાહ અપાઈ રહી છે. આ મેસેજ મુજબ આંતકવાદીઓ દ્વારા જે ત્રિરંગાનું ચિત્ર વાઈરલ કરાયું છે. તેમાં કેસરીની જગ્યાએ લાલ રંગનો ઉપયોગ કરાયો છે. અને આ વાઈરસને 'મોબેલા' નામ આપવામાં આવ્યું છે જે ૧૫મી ઓગસ્ટે કાર્યરત થશે અને મોબાઈલ યુઝર્સના તમામ ડેટા તેની જાણ વગર જ આંતકવાદી સંગઠનને મોકલી આપશે. જો કે હજુ આ બાબતની સત્યતાની પુર્તતા થવા પામી નથી. પરંતુ એક વાત સાબિત થઈ છે કે લોકો વોટ્સએપ અને ફેસબુક કે ટ્વીટર જેવા સોશ્યલ મીડીયાના એટલી હદે બંધાણી બની ચૂક્યા છે કે હવે બધા તહેવારો પણ સોશ્યલ મીડિયા પર જ ઉજવવા લાગ્યા છે.

### કેમ્પનું આયોજન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરુપે ગત દિવસોમાં કલોલ ખાતે કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન અંદાજિત ૩૫ જેટલા વાહનોમાં નવી નંબર પ્લેટ ફીટ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આ મુજબ કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે જયારે મહીનાના અંત સુધીમાં કલોલમાં બીજા તબક્કામાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

### અગ્રણી ઉદ્યોગપતિ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોત્સાહન જેવી યોજનાઓ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ગુજરાત રાજ્યની ઈન્ડસ્ટ્રીઝ વિભાગની ટાસ્કફોર્સ કમીટીની મીટીંગોમાં હાજરી આપી રાજ્યની સહાયક યોજનાઓનો અસરકારક અને ઉદ્યોગકારોને સાચા અર્થમાં સમયસર સહાય અને પ્રોત્સાહન મળે તે અંગે રજુઆતો કરી અનેક સુધારા અમલમાં મુકાતા અનેક પરિણામલક્ષી પ્રયત્નો કર્યા છે. બાયફર-જીબાયફરની મીટીંગમાં હાજર રહી નબળા પડતા ઉદ્યોગોને જીવતદાન આપી સબળ સ્વરૂપ આપવામાં નિમિત્ત બન્યા છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની સ્ટેટ લેવલ ઈન્સ્ટીટ્યુટશનલ કમીટીની મીટીંગોમાં બેન્કો અને ઉદ્યોગો વચ્ચેના પ્રશ્નોમાં ઉકેલ લાવવામાં અને ઉદ્યોગો સાથે બેન્કોના તમામ વ્યવહારોને કોઈપણ પ્રકારના ગુપ્ત ચાર્જ વિના સંપૂર્ણ પારદર્શક અને રીઝનેબલ બનાવવામાં શ્રી ચાવડાની વ્યક્તિગત અને સંસ્થાની ભુમિકા ખૂબ જ અસરકારક રહી છે.

રાજ્યના ઔદ્યોગિક વિકાસના પ્રચાર પ્રસાર તથા અભ્યાસાર્થે શ્રી ચાવડાએ સંસ્થાના પ્રતિનિધિ તરીકે જર્મની અને ચીનનો પ્રવાસ કરેલ છે અને આગામી સપ્ટેમ્બરમાં સ્પેન જવાનું આયોજન છે.

## સે. ૨૧ વૈજનાથ મહાદેવ મંદિરે રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

વૈજનાથ યુવક મંડળ, સહયોગ મંડળ અને સિનિયર સિટિજન કાઉન્સિલ દ્વારા તા. ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા દરમિયાન રક્તદાન કેમ્પ વૈજનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૨૧ ખાતે યોજાશે. મોટી સંખ્યામાં રક્તદાતાઓને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે.

## સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ૧૫મી ઓગસ્ટે ખાસ એસ.ટી.બસ વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૧૧

ભારતના સ્વાતંત્ર્ય દિન-૧૫મી ઓગસ્ટના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની અધ્યક્ષતામાં સાંજે ૬.૦૦ વાગે રાજભવન, ગાંધીનગર ખાતે 'સ્નેહ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓને સ્થળ પર આવવા તથા પરત જવા માટે અમદાવાદ લાલદરવાજા (રૂપાલી સિનેમા), પાલડી બસ સ્ટેન્ડ અને કાળુપુર રેલવે સ્ટેશનથી એસ.ટી. બસોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય સેનાનીઓ માટેની આ ખાસ એસ.ટી. બસો સાંજે ૪.૩૦ કલાકે રાજભવન જવા રવાના થશે.

## એલજીમાં ૧૨૦ કર્મચારી હડતાળ પર ઉતરી ગયા

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલજી હોસ્પિટલમાં ગઈકાલના રોજ ૧૨૦ જેટલા કર્મચારીઓ હડતાળ પર ઉતરી આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ એલજી હોસ્પિટલમાં વર્ગ-૪ના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ મુદ્દે હડતાળ ઉપર ઉતરી આવ્યા હતા. આ હડતાળમાં આશરે ૧૨૦ જેટલા કર્મચારીઓ જોડાયા હતા. એલજી હોસ્પિટલમાં કામ અટક્યું હતું અને દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા.

મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વીએસ હોસ્પિટલ, એલજી હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ વારંવાર કોઈના કોઈ મુદ્દે કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતા હોય છે જેના લીધે દર્દીઓને તેનો ભોગ બનવું પડે છે અને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે આજે એલજી હોસ્પિટલમાં ૧૨૦ કર્મચારીઓ પોતાના પડતર માંગણીઓ મુદ્દે હડતાળ પર ઉતરી આવ્યા છે.

### પરિપત્રો છતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

રવિશંકર ઉત્સાહી છે અને તેમણે પ્રશ્નોની ઝડપથી જાણકારી મેળવી તેના ઉકેલમાં સક્રિયતા પણ દર્શાવી છે પરંતુ પ્રજાના દિવસોમાં બેઠકો યોજવાના નિર્ણયને લઈ પ્રજામાં તે મુદ્દો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

જિલ્લાતંત્ર જ્યાં સરકારના વહીવટીતંત્રનો પડછાયો પડતો હોય ત્યાં જ આવી સ્થિતિ કેમ ? તાલુકાઓમાં મુલાકાતીઓ સપ્તાહના આરંભે જ નિરાશ થઈને પરત ફર્યાના અહેવાલો સૌને ચોંકાવે તે સ્વાભાવિક છે. જિલ્લાતંત્ર કમસે કમ સોમવાર પ્રજાના મુલાકાત માટેનો દિવસ નિયત થયો હોઈ આ દિવસે બેઠકો ના રાખે તેવી લાગણી સૌ જિલ્લાવાસીઓ ધરાવી રહ્યા છે.

### ગ્રામજનો ત્રાહિમામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાદેવજી મંદિર, આંગણવાડી, ગામના રસ્તા, ઘરોના આંગણામાં અને દિવલો પર બસ ચૂડેવેલો જ ચૂડવેલો દેખાવ રહી છે. આંગણવાડીમાં તો બાળકોએ બેસીને ભણવું પણ મુશ્કેલ થઈ ગયું છે. અને જીવાતના ત્રાસમાંથી મુક્તિ અપાવવા હજુ સુધી તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા ન હોવાથી ગ્રામજનોની સ્થિતિ દિવસે ને દિવસે કફોડી બનતી જાય છે. કેટલાક ગ્રામજનો તો આ જીવાતના ત્રાસથી પોતાના ઘરને તાળુ મારીને ખેતરમાં કે સીમમાં સ્થળાંતર કરી ગયા છે. ચૂડેલોના આ ત્રાસથી ગ્રામજનોને રાહત અપાવવા તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવાય તેવી ગામમાં માંગ ઉઠવા પામી છે.

### એક્સ-રે માટે લાઈનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સગા થાકીને એટલા ઠુસ્સ થઈ જાય કે વાત ના પૂછો. એમાંય જો વચ્ચે ઈમર્જન્સી કેસ આવી જાય એટલે એટલો સમય વધુ લાગે અને આ બધુ પતાવ્યા પછી જ્યારે એક્સ-રે દર્દીના હાથમાં આવે એટલે ફરીથી પોતાના ઓપીડી ડૉક્ટરને બતાવવા જવાનુ, જો એ હાજર હોય તો દર્દીનું સદ્દભાગ્ય. અને ડૉક્ટરને બતાવ્યા પછી ફરી દવા લેવાની લાઈનમાં તો ઉભું જ રહેવાનુ. એટલે દર્દીએ એક્સ-રે પડાવવા માટે એક લાંબા માનસિક ત્રાસમાંથી ગુજરવુ પડે ત્યારે તેની સારવાર શક્ય બને છે.

આવી લાંબી લચ્ચક પ્રક્રિયાને કારણે તેમાં પણ હાલ સીઝનના કારણે દર્દીઓમાં વધારો થવાથી ખાસ કરીને એક્સ-રે વિભાગમાં રોજ બુમાબુમ અને તકરારનો માહોલ સર્જાય છે. લાઈનો સાચવવામાં સુરક્ષા સેવકો સાથે દર્દીઓ અને તેમના સગાઓની ઉગ્ર બોલાચાલી વારંવાર જોવા મળી રહે છે. આ મુશ્કેલી એક તો આટલી મોટી હોસ્પિટલમાં જ્યાં રોજના હજારો દર્દીઓ સારવાર લેવા આવે છે. ત્યાં માત્ર એક જ ડીઝીટલ એક્સ-રે મશીન હોવાથી તેમજ તે વિભાગમાં નંબર નોંધવા, એક્સર-રે નો ચાર્જ ભરવા અને વળી પાછો કેસ પેપર પર સિક્કો મરાવવા અલગ અલગ બારીઓ પર દર્દીને રખડવુ પડે છે. તેના કારણે સર્જાય છે. જો આ સમગ્ર પ્રક્રિયા એક જ બારીથી પતાવવામાં આવે તેમજ દર્દીઓનો ધસારો જોતા હજુ એકાદ મશીન વધારવામાં આવે તો દર્દીઓને હાલાકી ભોગવવામાંથી છુટકારો મળી શકે. તંત્ર દ્વારા આ બાબતે તાકીદે સુચારૂ વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી બની રહ્યું છે.



ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી તથા સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ તરફથી રક્ષાબંધનના દિવસે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે દર્દીઓને રાખડી બાંધવામાં આવી હતી સાથે બીસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# પ્રોફેસર સરમણ ઝાલા અને જામીનના ચુકાદા પર નજર

## આગોતરા જામીન પર ૧૩મી ઓગસ્ટના દિવસે ચુકાદો જાહેર કરવામાં આવશે : બંને પક્ષો વચ્ચે દલીલ પૂર્ણ થઈ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત યુનિવર્સિટી બિભત્સ પત્રકાંડ કેસમાં સંકળાયેલા પ્રોફેસર સરમણ ઝાલા અને તેની પત્ની દ્વારા દાખલ કરાયેલ આગોતરા જામીન અરજી પર બંને પક્ષો વચ્ચે દલીલો પૂર્ણ થઈ ચુકી છે અને હવે આગામી ૧૩મી ઓગસ્ટના રોજ સેશન્સ કોર્ટે આગોતરા જામીન અરજી પર ચુકાદો આપશે. હાલ પ્રોફેસર સરમણ ઝાલા ફરાર છે. ઉપરાંત તેમને યુનિવર્સિટી સત્તાધીશોએ લીગલ અભિપ્રાય બાદ ફરજમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

શહેરના નવરંગપુરા વિસ્તાર સ્થિત રાજ્યની પ્રતિષ્ઠિત ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા સરમણ ઝાલા દ્વારા ગુજરાત યુનિવર્સિટીની જ મહિલા પ્રોફેસરોને બિભત્સ માંગ કરતા પત્રો લખાયા હોવાનો મામલો સામે આવ્યો હતો. આ ઘટનામાં પીડિત મહિલા પ્રોફેસરોએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના પગલે પહેલેથી ફરાર થયેલા પ્રોફેસર સરમણ ઝાલા ધરપકડથી બચવા અમદાવાદ સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. બીજી તરફ પ્રોફેસર સરમણ ઝાલાની પત્નીએ પણ આગોતરા જામીન મેળવવા કોર્ટમાં અરજી દાખલ કરી છે. પ્રોફેસર ઝાલાએ આગોતરા જામીન મેળવવા અર્થે તેના વકીલ મારફત રજુઆત કરી હતી કે હું આ કેસમાં નિર્દોષ છું મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. મેં કોઈ પત્રો લખ્યા નથી. બીજી તરફ ફરિયાદી પક્ષ તરફથી રજુઆત કરાઈ હતી કે આરોપી સામે ગંભીર આરોપ છે. આરોપીએ એપ્રિલ ૨૦૧૪થી બિભત્સ પત્રો લખ્યા છે. યુનિવર્સિટીમાં ફરજ બજાવતી અન્ય મહિલાઓની પણ જાતીય સતામણી કરતા પત્રો લખાયા હોવાનું તપાસમાં જાહેર થયું છે. કોર્ટમાં બંને પક્ષો વચ્ચે આગોતરા જામીન અર્થે દલીલો પૂર્ણ થઈ ગઈ છે અને હવે આગામી ૧૩મી ઓગસ્ટના રોજ સેશન્સ કોર્ટે ચુકાદો જાહેર કરશે.

ગુજરાત યુનિવર્સિટી સત્તાધીશોએ બિભત્સ પત્રકાંડના પગલે સરમણ ઝાલાને સસ્પેન્ડ કરી દીધા છે. સસ્પેન્શનનો ઓર્ડર લીગલ અભિપ્રાય બાદ લેવાયો હતો અને તે ઓર્ડર રજીસ્ટર એડીથી તેમના ઘરે મોકલી દેવામાં આવ્યા છે.

# પોલીસ કમિશનરની કચેરી પાછળ જુગારધામ પર રેડ

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરમાં પોલીસ કમિશનરની કચેરીની પાછળ દુધેશ્વર રોડ જ્યુપિટર મિલની ચાલીમાં દરોડો પાડતા સનસનાટી મચી ગઈ હતી. અડધી રાત બાદ ડીજી વિજિલન્સ ટુકડીએ આ કાર્યવાહી કરી હતી. છેલ્લા ઘણા મહિનાઓથી ચાલી રહેલા જુગારધામ ઉપર દરોડા પાડીને ૫૨ જેટલા શખ્સોને પકડી પાડ્યા હતા. સાથે સાથે ૪.૪૫ લાખની રોકડ રકમ સહિત ૨૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે ૪.૪૫ લાખની રોકડ રકમ ઉપરાંત પાંચ કાર, ૭ ટુ વ્હીલર્સ, ત્રણ રિકશા અને ૫૦થી વધુ મોબાઈલ કબજે કર્યા હતા. એવું જાણવા મળ્યું છે કે, પોલીસની ઉદાસીનતા કારણે જુગારધામ ચાલી રહ્યો હતો. જો કે, અડધી રાત બાદ દરોડા પાડવામાં આવતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી પરંતુ ટુકડીએ બાતમીના આધારે દરોડા પાડ્યા બાદ પહેલાથી જ સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો જેથી જુગારીયાઓને ઝડપી લેવામાં આવ્યા હતા. તહેવારની શરૂઆત થઈ ગઈ છે ત્યારે જુગારની પ્રવૃત્તિ પણ હવે દિનપ્રતિદિન વધી ગઈ છે. ડીજી વિજિલન્સ સ્કવોર્ડે માધુપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવીને તમામ શખ્સોને સોંપી દીધા હતા. જુગારધામ પર દરોડાની કામગીરી રાત્રે એક વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી જે સવારે ૧૦ વાગ્યા સુધી ચાલી હતી.

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨૩૫૫, ગુજરાત

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ, ગાંધીનગર**

**નીચેની બાબતો અંગે,**

ટોરેન્ટ પાવલ લિમિટેડ દ્વારા દાખલ કરાવેલ નં. ૧૪૩૭/૨૦૧૪ની અરજી તરીકે નોંધાયેલ, ૨૦૧૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (રિન્યુઅલ સંશાધનોમાંથી વીજળીની પ્રાપ્તિ) વિનિયમો-૨૦૧૦ની જોગવાઈઓ અન્વયે, વિજ પુરવઠાના અવરોધો અથવા પરવાનેદારના કાબુ બહારના અન્ય પરિબળો જોતાં, ૨૦૧૩-૧૪ના નાણાંકીય વર્ષ માટે રિન્યુઅલ વીજળી સંશાધનોમાંથી ખરીદી (%માં) ના ન્યૂનત્તમ પ્રમાણમાં સુધારણાની ટકાવારીના લક્ષ્યાંક બાબતમાં અને,

આયોગ દ્વારા જાહેર કરાયેલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (રિન્યુઅલ સંશાધનોમાંથી વીજળીની પ્રાપ્તિ)ના વિનિયમો-૨૦૧૪ સાથે વાંચતા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (રિન્યુઅલ સંશાધનોમાંથી વીજળીની પ્રાપ્તિ) વિનિયમો-૨૦૧૦ના પાલન માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા સ્વયં અરજી નં. ૧૪૪૨/૨૦૧૪ શરૂ કરાઈ છે.

**જાહેર નોટીસ :**

ટોરેન્ટ પાવલ લિમિટેડ RPO પાલન માટે અને ૨૦૧૩-૧૪ના નાણાંકીય વર્ષની તેની ટકાવારીની સુધારણા માટે દાખલ કરેલ અરજી નં. ૧૪૩૭/૨૦૧૪ આયોગને મળી છે. ઉક્ત અરજીમાં, આયોગે તેના ૩૦-૭-૨૦૧૪ના હુકમ અન્વયે સ્ટેક હોલ્ડરો પાસેથી અભિપ્રાય અને સૂચનો મંગાવવાનું નક્કી કર્યું હતું.

આયોગે તેના તા. ૩૦-૭-૨૦૧૪ના હુકમ અન્વયે ઉપર્યુક્ત અરજીમાં, રાજ્યના વિતરણ પરવાનેદારો દ્વારા RPOના અમલીકરણની ખરાઈ કરવા સ્વયં કાર્યવાહી શરૂ કરવા અને વિતરણ પરવાનેદાર કસૂરના કેસમાં કોઈ હોય તો સંબંધિત કસૂરવાર વિતરણ પરવાનેદારો સામે જોગવાઈઓ અનુસાર લેવા જરૂરી પગલાં નક્કી કરવાનો નિર્ણય છે. જે મુજબ, આયોગ દ્વારા Suo-Motu Petition No. ૧૪૪૨/૨૦૧૪, તૈયાર કરવામાં આવેલ છે. જે આયોગની વેબસાઈટ (www.gercin.org) ઉપર મુકવામાં આવેલ છે.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ધંધાદારી આચાર વિનિયમો) ૨૦૦૪ અનુસાર, અહીં જાહેર કરવામાં આવે છે કે, ઉપરની સ્વયં કરાયેલી અરજી સંબંધમાં જેમને તેમના વાંધા / સૂચનો રજૂ કરવામાં રસ હોય તેવી વ્યક્તિઓ, તેઓ જેના પર આધાર રાખવા માગતા હોય તે એફિડેવીટથી યોગ્ય રીતે સમર્થિત દસ્તાવેજો સાથે તા. ૩૦-૮-૨૦૧૪ પહેલાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫, ગુજરાતને રજૂ કરી શકશે અને તેઓને રૂબરૂમાં સાંભળે તેમ તેઓ ઈચ્છે છે કે કેમ તે પણ તેમાં દર્શાવે, સ્વયં કરાયેલી અરજી નં. ૧૪૪૨/૨૦૧૪ માટેની સુનાવણીની તારીખ ૬-૯-૨૦૧૪ના રોજ ૧૧.૩૦ વાગ્યે નક્કી કરી છે.

રસ ધરાવતી વ્યક્તિઓના સંદર્ભ માટે સ્વયં અરજી (Suo-Motu Petition) ની નકલ તેનાં જોડાણ સાથે તપાસવા આયોગની કચેરીમાં ઉપલબ્ધ છે.

ઉપર્યુક્ત અરજીની ઈલેક્ટ્રોનિક નકલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની વેબસાઈટ (www.gercin.org) પર ઉપલબ્ધ છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૧/૮/૨૦૧૪
માહિતી/૯૫૦/૧૪-૧૫

સહી/-
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## શબ્દાવલી - ૫૪૭૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | ■ | ૬ | | | | |
| ૭ | ૮ | ■ | | ■ | ૯ | | ■ |
| ■ | | ■ | ■ | ૧૦ | | ■ | ■ |
| ૧૧ | ■ | ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | ■ |
| ૧૫ | ૧૬ | | | ■ | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | | ■ | ■ | ૨૦ | | |
| ૨૧ | | ■ | ૨૨ | | | | |

### આડી ચાવી

૧. આહ્વાન (૪)
૩. એકની બદલે બીજું, અવેજ (૩)
૬. પરાક્રમ, દુષ્કર્મ (૫)
૭. નાનુ, વિશાળ ના હોય તેવું (૨)
૯. કેશ, મોવાળા (૨)
૧૦. ભારે (૨)
૧૨. જોશ (૩)
૧૫. ખુબ વેગથી આવતું (૫)
૧૭. પોતાનો અંગત (૨)
૧૯. ઇલેક્ટ્રીક, લાઇટ (૩)
૨૦. જીવડાઓ (૩)
૨૧. રૂપિયા, પૈસા વગેરે (૨)
૨૨. પંપાળવું, કોમળતાથી હાથ ફેરવવો (૫)

### ઊભી ચાવી

૧. શરૂઆત, મોખરે (૩)
૨. ખરાબ અંજામ (૩)
૩. સવારી કરનાર (૪)
૪. મૃત શરીરમાં પેઠેલ એક પ્રકારનું ભૂત (૩)
૫. ઘોડાનું પલાણ (૨)
૮. લાંચ, રૂશ્વત (૨)
૧૦. મળતુ, એના જેવું જ (૩)
૧૧. વિવિધ, જુદુ જુદુ (૪)
૧૨. ગરમ ઓઢવાની શાલ (૩)
૧૩. કીર્તિ, યશ (૨)
૧૪. હનુમાનજીનો વાર (૪)
૧૬. પ્રિતમ, પિયુ (૩)
૧૮. હારવું અને..., હાર-જીત(૩)
૨૦. આયુષ્યરેખા, ... દોરી (૨)

### શબ્દાવલી ૫૪૭૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિભાવરી (૪) સંદેશ (૬) ટાપશી (૭) લપ (૯) તિરથ (૧૧) વિવિધ (૧૩) ચિત્રકામ (૧૬) વિચિત્રતા (૧૮) ધુરા (૧૯) કમઠાણ (૨૧) રગશીયુ (૨૨) તમ

**ઊભી ચાવી :-** (૧) વિટામીન (૨) ભાવ (૩) વશી (૪) સંપતિ (૫) શપથ (૮) પવિત્રતા (૧૦) રવી (૧૧) વિચિત્ર (૧૨) ધકા (૧૪) મરામત (૧૫) મારણ (૧૬) વિધુર (૧૭) ચિરાગ (૨૦) ઠામ